**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૨૨.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૪ ટકા ● સાંજે ૮૯ ટકા



સંસ્કાર ગૃપના બાળકો દ્વારા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની મુલાકાત લઈને નવા વર્ષની શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

# રવિવારે ગાંધીનગરમાં ઘ - ૪ સર્કલે નવેમ્બર માસની પુસ્તક પરબ યોજાશે

ગાંધીનગર તા. ૨

માતૃભાષા અભિયાનનાં ઉપક્રમે અને આત્મન ફાઉન્ડેશનનાં સહયોગથી ગાંધીનગરમાં દર મહિનાના પ્રથમ રવિવારે પુસ્તક પરબનું આયોજન કરવામાં આવે છે. નવેમ્બર માસની પુસ્તક પરબ આ રવિવાર તા.૩-૧૧-૨૦૧૯ નાં રોજ સવારે ૭.૩૦ થી ૯.૩૦ કલાક દરમ્યાન ઘ - ૪ સર્કલ, ઉદ્યોગ ભવન પાસે, ગાંધીનગર ખાતે યોજાશે. છેલ્લાં છ વર્ષથી આ પરબ પુસ્તક પરબ ટીમ દ્વારા યોજાય છે. ગાંધીનગરના અનેક પુસ્તકપ્રેમી, વાચકો, મહાનુભાવો, ઉચ્ચ અધિકારીઓ, લેખકો, તબીબો, વરિષ્ઠ નગરજનો, નોકરી - વ્યવસાય કરનાર ભાવકો, વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં આનો લાભ લે છે. પરબની મુલાકાતે આવનાર વ્યક્તિ બે પુસ્તક અને બે સામયિક વિના મૂલ્યે લઈ જઇ શકે છે. વાંચી લીધાં પછી પુસ્તકો આ પરબમાં પરત આપી શકાય છે.

પુસ્તકો ભેટમાં સ્વીકારવામાં આવે છે. પુસ્તક પરબમાં એક મેળા જેવો માહોલ જામતો હોય છે. સહુ ભાવકો-વાચકોને પધારવા આત્મન - પુસ્તક પરબ ટીમ વતી નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# મોહમ્મદ રફીની જન્મ જયંતિને અનુલક્ષીને કરાઓકે સંગીત સ્પર્ધા-૨૦૧૯નું આયોજન

ગાંધીનગર તા. ૨

હિન્દી ફિલ્મ સંગીતના જાણીતા મહાન પાર્શ્વ ગાયક સ્વ. મોહમ્મદ રફી સાહેબની ૯૫મી જન્મ જયંતિને અનુલક્ષીને ન્યુ ગાંધીનગર ના કુડાસણ ખાતેના શ્રી મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિયોની 'મેરી આવાજ સુનો ' કરાઓ કે ક્લબ દ્વારા આગામી તા. ૧૭મી નવેમ્બરના રોજ ગુજરાતના અનુભવી/ બિન અનુભવી ગીત ગાવાના શોખીન સંગીત રસિકોને કરાઓકે ટ્રેક શો દ્વારા પોતાના અવાજમાં ગીતોની રજૂઆત કરવા માટે સ્ટેજ પૂરું પાડવાના હેતુથી સંગીત સ્પર્ધા-૨૦૧૯નું આયોજન કરવામાં આવ્યું છે. આ સંગીત સ્પર્ધામાં પ્રેક્ષકોને તદ્દન વિના મૂલ્યે પ્રવેશ આપવામાં આવશે. આ સંગીત સ્પર્ધા ન્યૂ ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં મારૂતિ નેક્સસ શો રૂમની બાજુમાં સનરાઈઝ આર્કેડ કોમ્પ્લેક્સના પહેલા માળે સ્થિત શ્રી મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિયો ખાતે બપોરે ૧૨.૩૯ કલાકે યોજાશે. આ સંગીત સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા કલાકારો માટે ઓડિશનના પ્રવેશ ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૧૨મી નવેમ્બર રાખવામાં આવી છે. પ્રવેશ ફોર્મ છેલ્લી તારીખ સુધી દરરોજ સોમવાર થી શુક્રવારે રાત્રે ૮.૪૫ કલાકે સ્ટુડિયો ખાતે આવી રૂબરૂ ભરી શકાશે. આ સ્પર્ધા અંગે વધુ વિગત માટે શ્રવણકુમાર પરમારનો મો.નં. ૯૪૨૭૩ ૧૮૦૭૩ અથવા સ્ટુડિયોના મો.નં. ૮૮૪૯૪૫૪૪૦૫ પર ફોન કરી સંપર્ક સાધી શકાશે તેઓ સંસ્થાની અખબારી યાદીમાં જણાવાયું છે.

# જુના સચિવાલયમાં દારુની બે બોટલ સાથે પોલીસે કર્મચારીને પકડી પાડયો

ગાંધીનગર,તા.૨

ગાંધીનગર શહેરના જુના સચિવાલય ખાતે આવેલ હિસાબી અને તિજોરી નિયામકની કચેરીમાં દારુની બે બોટલ સાથે કર્મચારી પકડાયો છે. હિસાબી સંવર્ગ અધિકારીએ દારૂની બે બોટલ બતાવીનો મહિલા નિયામકને નવા વર્ષની પાર્ટીની વાત કરતા નિયામકે પોલીસને જાણ કરતા પોલીસ તાત્કાલીક આવી પહોંચીનો આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જુના સચિવાલય બલોક નં.૧૭ ખાતે પ્રથમ મજલે આવેલી હિસાબી અને તિજોરી કચેરીના નિયામકે સે-૭ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી છે. ત્યારે નિયામકના દાવા મુજબ વિભાગના ઉદ્યોગ ભવનમાં ડાયરેકટર ઓફ પેટ્રોલીયમમાં હિસાબી સંવર્ગ અધિકારી તરીકે ફરજ બજાવતા ઉમેશ ઓઝા તેમને મળવા માટે આવ્યા હતા. નિયામકના દાવા મુજબ ઉમેશ ઓઝાએ નવા વર્ષના અભિનંદન પાઠવવાના બહાને પોતાની પાસે રહેલી એક કાળા કલરની બેગમાંથી દારુની બે બોટલ બહાર કાઢી હતી.ત્યારબાદ ઉમેશ ઓઝાએ દારુ બતાવીને આપણે નવા વર્ષની ઉજવણી કરીએ તેમ કહ્યું હતું. જેથી નિયામકે પોલીસને જાણ કરી હતી.જેથી સે-૭ પોલીસે તાત્કાલીક જુના સચિવાલય પહોંચીને આરોપી ઉમેશ ઓઝા ( રહે. એ જોડીયા આરીસા એપાર્ટમેન્ટ, સેટેલાઈટ અમદાવાદ)ને પકડી પાડ્યા હતા. ફરીયાદીએ દાવો કર્યો છે કે તેઓ હિસાબી અને તિજોરી નિયામક તરીકે ફરજ બજાવતા હોવાથી આરોપી ઉમેશ ઓઝાને અદેખાઈ અને ઈર્ષા છે. જેથી નવા વર્ષના અભિનંદન પાઠવવા માટે દારુની બે બોટલ લઈને આવ્યા હતા.

# સેક્ટર-૨૨ ઘ ટાઈપના બંધ મકાનમાં ૬૦ હજારની ચોરી

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર શહેરના સેકટર-૨૨ ખાતે રહેતો પરિવાર દિવાળી કરવા ગામડે ગયો હતો. ત્યારે બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવી હાથફેરો કર્યોહતો. મુખ્ય દરવાજાનો નકુચો તોડીને ઘુસેલા તસ્કરોએ ટીવી અને બે લેપટોપ મળી કુલ રૂ.૬૦ હજારની મત્તાની ચોરી કરી હતી. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે તસ્કરોને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ શહેરના સે-૨૨ બ્લોક નં ૧૫-૩ ઘ ટાઈપ ખાતે રહેતા શૈલેષકુમાર ચંદુભાઈ કોટવાલ ઉં.વ.૩૧ પરિવાર સાથે દિવાળી કરવા માટે પોતાના વતન ભિલોડા ગયા હતા. શુક્રવારે તેમના નીચે રહેતા પાડોશીએ પોન કરીને દરવાજાનો નકુચો તુટ્યો હોવાનું જણાવ્યું હતું. જેને પગલે તાત્કાલીક ઘરે પહોંચેલા શૈલેષકુમારે ઘરે આવીને જોયું તો ઘરનો સામાન વેર-વિખેર હતો. ઘરે સામાન ચેક કરતા દિવાલમાં ફીટ કરેલું ૧૫ હજારની કિંમતનું ૪૨ ઈંચનું એલઈડી ટીવી, રૂ.૪૫ હજારની કિંમતના બે લેપટોપ ગાયબ હતા. જેથી શૈલેષકુમારે સેકટર-૨૧ પોલીસ મથકે રૂ.૬૦ હજારની મત્તાની ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે ડોગ સ્કવોડ અને ફિંગર પ્રિન્ટ એકસપર્ટની મદદ લઈ ઘટના સ્થળની તપાસ કરીને ચોર ઈસમોને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. ત્યારે મળતી માહિતી પ્રમાણે ફરીયાદીના નીચેના મકાન ખાતે રહેતા શશીકાંતભાઈ પંડયાના બંધ મકાનને પણ તસ્કરોએ તોડીને ચોરી કરવાનો પ્રયત્ન કર્યોહતો પરંતુ તેમા તે સફળ નિવડ્યા ન હતા. તસ્કરોએ પહેલા મુખ્ય દરવાજાનુંતાળુ તોડ્યું હતું. પરંતુ ઈન્ટરલોક તુટયુ ન હતું. તો બીજીતરફ ટોઈલેટના વેન્ટીલેશન માટે મુકેલી નાનકડી બારીની જાળી કાપી હતી. પરંતુ ત્યાં પણ લોખંડની ગ્રીલ હોવાથી તેઓ અંદર પ્રવેશી શક્યા ન હતા.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

# શહેરમાં સોમવારથી વેપાર-ધંધા ધમધમશે

ગાંધીનગર, તા. ૨

દિવાળીના તહેવારને લઈને શહેરમાં રજાનો માહોલ જોવા મળી રહ્યો છે. ત્યારે લાભપાંચમને પગલે શહેરના અમુક વેપારીઓએ ધંધાનુ મુહૂર્ત કર્યુ હતુ અને અમુક વેપારીઓએ હજુ મુહૂર્ત કરવામાં શાંતિ લાગી રહી હોય એમ સોમવારથી જ મુહૂર્ત કરશે તેમ લાગી રહ્યું છે. શહેરના મોટાભાગની દુકાનો બંધ છે. દિવાળી રવિવારે અને સોમવારે બેસતા વર્ષ બાદ લાભ પાંચમને શુક્રવાર સુધી વેપારીઓએ રજા જ રાખી હતી પરંતુ શનિ-રવિની રજાને ધ્યાનમાં લઈ મોટાભાગના વેપારીઓ સોમવારથી જ રાબેતામુજબ ધંધાની શરૂઆત કરશે તેમ લાગી રહ્યું છે. આ ઉપરાંત તમામ સરકારી કચેરીઓમાં કર્મચારીઓની ઓછી હાજરી જોવા મળી હતી.

શહેરના તમામ બજારો તથા સરકારી ઓફિસો સોમવારથી જ ધમધમશે તેમ લાગી રહ્યું છે. શહેરના બજારમાં મોટાભાગના વેપારીઓ દ્વારા સોમવારથી જ રાબેતા મુજબ વેપાર-ધંધો શરૂ થશે તેમ લાગી રહ્યું છે. મોટા ભાગની દુકાનો હાલ શહેરમાં બંધ જોવા મળી રહી છે. આ ઉપરાંત શહેરની સરકારી કચેરીઓમાં પણ કર્મચારીઓની ઓછી હાજરી જોવા મળી રહી છે. હાજર રહેનાર કર્મચારીઓ પણ નવા વર્ષની શુભેચ્છા પાઠવવા સાથે હજી પણ તહેવારના મુડમાં જોવા મળી રહ્યાં છે. કચેરીઓ દ્વારા નવા વર્ષને પગલે શુભેચ્છા સમારંભ ગોઠવવાનુ આયોજન કરવામાં આવી રહ્યું છે. આમ , શહેરમાં સોમવારથી જ વેપાર-ધંધા ધમધમશે તેમ લાગી રહ્યું છે.



શહેરમાં દિવાળીની રજાઓનો માહોલ વર્તાઈ રહ્યો છે. ત્યારે ખાદીગ્રામ ભવનની પાછળના ભાગમાં મુકવામાં આવેલી કચરાપેટી ઉભરાઈ ગઈ છે. ઘણા સમયથી સફાઈ કર્મચારીઓ કોઈ કચરો લેવા આવ્યુ નથી. લાગે છે કે સફાઈ કર્મચારીઓ પણ દિવાળીની લાંબી રજા ગાળીને સોમવારથી જ હાજર થશે.

## આજે જલારામ જયંતિ નિમિત્તે શહેરમાં ભવ્ય શોભાયાત્રા

ગાંધીનગર, તા. ૨

આજરોજ જલારામ જયંતિ નિમિત્તે જલારામ મંદિર સે. ૨૯ ખાતેથી સવારે ૮ વાગ્યે વાજતે-ગાજતે ભવ્ય રથ સાથે બાપાની શોભાયાત્રા નીકળશે. જેમાં કુમારીકાઓ કળશ સાથે શોભાયાત્રામાં ભાગ લેશે. ઢોલ-નગારા અને બાપાની ધૂન સાથે શોભાયાત્રા જલારામ મંદિરથી નીકળી ઘ-રોડ થઈ સે. ૭ સ્થિત ભોજલરામ મંદિરે પહોંચશે. ત્યારબાદ યાત્રા મંદિરે પરત ફરશે. સાંજે ૬.૪૫ વાગ્યે મંદિરમાં મહાઆરતી તથા ૭.૧૫થી મહાપ્રસાદ યોજાશે.

## જાગૃત નાગરિક પરિષદની સ્નેહમિલન બેઠક યોજાશે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની સ્નેહમિલન બેઠક કાર્યકારી પ્રમુખ ભાનુપ્રસાદ પુરાણીના અધ્યક્ષસ્થાને તા. ૪ નવેમ્બરના રોજ સાંજે ૫ વાગ્યે સે. ૨૧, નમન એપાર્ટમેન્ટ ખાતે મળશે. સંસ્થાના મંત્રી નિરંજન ઓઝા દ્વારા સંસ્થાના સભ્યો, હોદ્દેદારો તથા કાર્યવાહક સમિતિને બેઠકમાં ઉપસ્થિત રહેવા જણાવાયુ છે.

## શાળામાં રીશેષ દરમિયાન વિદ્યાર્થીનીઓને અડપલા કરતો શિક્ષક ઝડપાયો

ગાંધીનગર, તા.૨

અડાલજની ખાનગી વિદ્યાલયમાં વિદ્યાર્થીનીઓને બિભત્સ કોમેન્ટ અને શારીરીક અડપલા કરનારા શિક્ષકની પોલીસે ધરપકડ કરી છે. બનાવ અંગે ગત તા.૫ ઓકટોબરના રોજ અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે. જેથી આરોપી શિક્ષક રામાભાઈ સોમાભાઈ પટેલ (રહે. પ્લોટ નં.૪૯૭-૧ સેકટર-૭ બી) એ સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન માટે અરજી કરી હતી. જેના મંજુર થતા આરોપી શિક્ષક છેલ્લા કેટલાક સમયથી નાસતો ફરતો હતો. જેથી પકડી પાડવા માટે ગાંધીનગર જિલ્લા એસપી મયુર ચાવડાની સુચનાથી એલસીબીની ટીમ સક્રિય થઈ ગઈ હતી. ત્યારે પીઆઈ જે.જી.વાઘેલાની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે આરોપી શિક્ષક રાત્રીના સમયે તેના વતન દહેગામના લવાડ ખાતે આવનાર છે. જેના પગલે એલસીબીએ અઆરોપીને તેમના ગામમાંથી પકડી પાડ્યો હતો. ત્યારે ઉલ્લેખનીય છે કે અડાલજ પાસે આવેલી ખાનગી વિદ્યાલયની વિદ્યાર્થીનીઓની સાથે શારીરીક અડપલા કરતો હતો. છેલ્લા એક માસથી વિદ્યાર્થીનીઓ રિશેષમાં કલાસમાં નાસ્તો કરવા માટે બેસે ત્યારે શિક્ષક આવીને શારીરીક અડપલા અને બિભત્સ કોમેન્ટ કરતો હોવાની જાણ એક વિદ્યાર્થીનીએ તેની માતાને કરી હતી. ત્યારબાદ માતાએ શિક્ષક વિરુધ્ધ અડાલજ પોલીસ મથકે ફરીયાદ આપતા પોલીસે શિક્ષક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**રક્તદાન મહાદાન**

# ખોરજ બ્રિજ પર યુવક પાસેથી ૧૧૦૦ લૂંટી બે શખ્સો ફરાર

ગાંધીનગર,તા.૨

ગાંધીનગર - સરખેજ માર્ગ પર ખોરજ બ્રિજ પર બાઈક બગડતા ઉભા રહેલા યુવક પાસેથી રોકડ રકમની લુંટ ચલાવી બે અજાણ્યા શખ્સો પલાયન થઈ ગયા હતા. પોતાની ફીયાન્સી સાથે ઉભા રહેલા યુવકને બાઈક પર આવેલા બે શખ્સોએ પોલીસની ઓળખ આપી કેસ કરવાની ધમકી આપી યુવક પાસેથી ખિસ્સામાં રહેલા રૂ.૧૧૦૦ લઈ રફુચક્કર થઈ ગયા હતા. નંબર પ્લેટ વિનાના બાઈક પર આવેલા બે શખ્સો સામે યુવકે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે નકલી પોલીસ બનીને નિર્દોષ નાગરીકોને લુંટતા યુવકોની શોધખોળ આદરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ગોતા ક્રોસ રોડ પર આવેલા સિલ્વર ગાર્ડનીયા ખાતે રહેતા ૨૫ વર્ષિય યુવક જૈમીન ચંદ્રકાન્તભાઈ પ્રજાપતિ શુક્રવારે પોતાની ફીયાન્સી સાથે ફરવા માટે નીકળ્યો હતો. અડાલજ ત્રિ-મંદિર દર્શન કરીને પરત ફરી રહ્યા હતા તે સમયે ખોરજ પાસે રાત્રે ૧૦ વાગ્યાના અરસામાં મોપેડ બગડ્યું હતું. યુવક મોપેડ માર્ગની બાજુમાં લઈને શરુ કરવાનો પ્રયાસ કરી રહ્યો હતો, તે સમયે એક બાઈક પર બે ઈસમો આવ્યા હતા. જેમાં એક શખ્સે અહીંયા શુ કરો છો, હું પીએસઆઈ છુ અને મારી સાથે જમાદાર છે. તેમ અહી શુ કામ ઉભા છો મને ખબર છે, કહી યુવક પાસે લાઈસન્સની માંગ કરી હતી. યુવકે લાઈસન્સ, આઈકાર્ડ બતાવ્યું હતુ તેમ છતા યુવતિનું પર્સ ચેક કર્યુ હતું.બંન્ને શખ્સોએ તમારી સામે કેસ કરવો પડશે, કહીને ડોક્યુમેન્ટના મોબાઈલમાં ફોટો પાડ્યા હતા . જેને પગલે ગભરાઈ ગયેલા યુવક બંન્ને શખ્સોને યુવતી પોતાની ફીયાન્સી હોવાનું કહીને ઘરે પુછી જોવાનું કહ્યું હતું. જેને પગલે શખ્સે બાઈક પર લગાવેલો ડંડો કાઢી અપશબ્દોનો વરસાદ વરસાવી મારવાનો પ્રયત્ન કર્યો હતો. જેથી યુવકે માફી માંગતા બંન્ને શખ્સોએ છુટવુ હોય તો પૈસા આપવા પડશે તેમ કહ્યું હતું. યુવકે ખીસ્સામાં રૂ.૧૧૦૦ જ પડ્યા હોવાનું કહેતા એક શખ્સે ઉપરના ખિસ્સામાંથી પૈસા કાઢીને શખ્સો પલાયન થઈ ગયા હતા.

# સેકટર-૬માં જુના આવાસો તોડીને ચ-કક્ષાના નવા સરકારી આવાસો બનશે

## સેકટરમાં હાલ બી અને સી કક્ષાના નવા આવાસો તૈયાર થઇ રહ્યા છે : જો કે હજુ સ્થળ પસંદગી આખરી થઇ નથી

ગાંધીનગર તા ૨

શહેરમાં જુના અને જર્જરિત સરકારી આવાસો તોડીને નવા આવાસો બાંધવા માટે તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. સે-૬ માં હાલ નવા આવાસો બાંધવા માટે કામ ચાલી રહ્યુ છે. જયારે બી અને સી કક્ષાના સરકારી આવાસોની સાથે આગામી દિવસોમાં ચ કક્ષાના આવાસો બાંધવા માટે પણ આખરી આયોજન કરાશે. સે-૬ માં જ નવા આવાસો બાંધવા માટે સ્થળ પસંદગી કરવામાં આવે તેવી સંભાવના છે.

શહેરમાં જુના સરકારી આવાસો તોડીને નવા મકાનો બાંધવા માટે તબક્કાવાર કાર્યયોજના હાથ ધરવામાં આવી રહી છે. અગાઉ પણ નિકાલ હેઠળના ભયજનક મકાનો તોડીને નવા મકાનો બાંધવા માટે કામગીરી હાથ ધરવામાં આવી હતી. જયારે જુના અને જર્જરિત મકાનો તોડવાની સાથે સેકટરોમાં કોર્પોરેટ લુક ધરાવતા સુવિધાયુક્ત સરકારી આવાસો તૈયાર કરવામાં આવી રહ્યા છે. સે-૭ , સે-૨૯ અને સે-૩૦ માં અત્યાર સુધી નવી ટાવર કોલોનીનુ નિર્માણ કરવામાં આવ્યુ છે. જેના ભાગરૂપે હવે આગામી દિવસોમાં સે-૩૦ માં નવા આવાસોની ચાવી પણ કર્મચારીઓને સોંપી દેવાશે. બીજીતરફ સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો તોડવા માટે પણ તબક્કાવાર મંજુરી આપવામાં આવી રહી છે. જેની સામે કર્મચારીઓને આવાસ ફાળવવા માટે પણ મકાનોની ઘટ પ્રવર્તી છે.

નવા મકાનો બાંધવા માટે આગામી દિવસોમાં આયોજન કરવામાં આવશે. સેકટરોમાં જુના અને કંગાળ મકાનો તોડીને નવા આવાસો તૈયાર કરવામાં આવી રહ્યા છે. હાલ સે-૬ માં નવા મકાનો બાંધવા માટે કામગીરી ચાલી રહી છે. જયારે સેકટરમાં સ્થિત જુના આવાસો પણ તોડવામાં આવી રહ્યા છે. સે-૬ માં બી અને સી કક્ષાના સરકારી આવાસો બાંધવામાં આવી રહ્યા છે. સેકટરોમાં મોટાભાગના આવાસો જોખમી હાલતમાં છે. જેના લીધે સરકારી કર્મચારીઓને રહેણાંકને લાયક મકાનો ફાળવવાની પ્રક્રીયા પણ પ્રભાવિત થઈ છે. શહેર અસ્તિત્વમાં આવ્યુ ત્યારથી સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસોમાં કર્મચારીઓનો વસવાટ છે.

પરંતુ સમય જતા આ મકાનો જોખમી પુરવાર થતા તંત્ર દ્વારા આ મકાનો તબક્કાવાર તોડીને નવા બનાવવા માટે આયોજન કરવામાં આવી રહ્યુ છે. જેના અંતે સે-૬ માં પણ નવા સરકારી આવાસો બાંધવામાં આવશે. બી અને સી કક્ષાની સાથે સે-૬ માં ચ કક્ષાના નવા આવાસો બાંધવા માટે પણ વિચારણા હાથ ધરવામાં આવી છે. આગામી દિવસોમાં નવા આવાસો તૈયાર કરવા માટે સ્થળ પસંદગી કરી દેવાશે.



કારતક સુદ છઠ્ઠના દિવસને છઠ્ઠના મહોત્સવ તરીકે પૂર્વી ઉત્તરપ્રદેશ અને બિહારના લોકો લોક આસ્થાના મહાપર્વ તરીકે ઉજવે છે. જેમાં ખાસ સૂર્યદેવની પૂજા કરવામાં આવે છે. શહેરમાં પણ આ પર્વની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. આ ઉપરાંત બહેનોને સ્નાન કરવા માટે વિશિષ્ટ જળકૂંડ પણ બનાવવામાં આવ્યા હતા.

## મુવી હાઉસ

પી.વી.આર, સિનેમેકસ, સે-૧૧

**હાઉસફુલ-૪**
૯.૩૦, ૧૨.૪૦, ૩.૫૦, ૪.૨૦, ૭.૦૦, ૧૦.૧૦

**ઉડજા ચમન**
૯.૦૦, ૧૧.૪૦, ૨.૨૦, ૫.૦૦, ૭.૪૦, ૧૦.૨૦

**સાંઢ કી આંખ**
૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૨૦

**મેડ ઈન ચાઈના**
૧.૧૦

**વોર**
૭.૧૦

## આજે ગાંધીનગરમાં

● જયઅંબે પરિવાર ટ્રસ્ટ દ્વારા ત્રિદશાબ્દી ભક્તિ મહોત્સવની આજથી શરૂઆત સવારે ૯ વાગ્યે અંબાજીથી જ્યોતનું રથમાં સ્થાપન થશે.

● જલારામ જયંતિ નિમિત્તે જલારામ મંદિર સે. ૨૯ થી સવારે ૮ વાગ્યે ભવ્ય શોભાયાત્રા નીકળશે. મંદિર ખાતે સાંજે ૬.૪૫ મહાઆરતી યોજાશે.

● છેડાલ પરગણા ગુરૂબ્રાહ્મણ સેવા ટ્રસ્ટ દ્વારા ગુજરાત રાજ્ય સંગીત નાટ્ય અકાદમીના આર્થિક સહયોગથી સૂર સંગમ કાર્યક્રમ સે. ૧૨ સ્થિત ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ ખાતે બપોરે ૩ થી ૬ કલાક દરમિયાન યોજાશે.

● ગાંધીનગર મહાનગરપાલિકા અને અર્થકિટ્સ હ્યુમેનિટી ફાઉન્ડેશન દ્વારા "Plogging" બોલે તો કાર્યક્રમનું આયોજન સવારે ૬ વાગ્યે સરિતાઉદ્યાન ખાતે યોજાશે.

● વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ ગાંધીનગર જિલ્લાની ઈમરજન્સી બેઠક બપોરે ૨ વાગ્યે ભારતમાતા મંદિર સે. ૭-એ ખાતે યોજાશે.